सत्यमेव जयते

# ઉચ્ચ શિક્ષણ કમિશ્નરશ્રીની કચેરી

ડી.પી શાખા, બ્લોક નં. ૧૨, બીજો માળ, ડૉ. જીવરાજ મહેતા ભવન,

ગુજરાત રાજ્ય., ગાંધીનગર,

ક્રમાંક:-કડપ/ ૨૦૫૯/૨૪૨૫ ૧૧/૦૭/૨૦૨૪

<u>ખુબ જ જરૂરી/ટોપ પ્રાયોરીટી</u>

પ્રતિ,

આચાર્યશ્રી,

બિન-સરકારી અનુદાનિત કોલેજ/ગ્રામ વિદ્યાપીઠો/જી.બી.ટીસી કોલેજો, તમામ,

નિયામકશ્રી,બિન સરકારી અનુદાનિત સંશોધન સંસ્થાઓ, તમામ.

વિષય: જુલાઈ-૨૦૨૪,માસના પગારની કોજેન્ટ પે રોલ શીટમાં કોલેજ/સંસ્થાના વડાનાં હોદ્દાની વિગતો અચૂક દર્શાવવા બાબત.

સંદર્ભ:- અત્રેની કચેરીના ઈ-મેલ પત્ર ક્રમાંક:કવટ/પરચ/૨૦૨૪/૨૭૯૫-૩૧૫૩. તા.૧૬/૦૨/૨૦૨૪

ઉપરોક્ત વિષય અને સંદર્ભદર્શિત તા.૧૬-૦૨-૨૦૨૪ના ઈ-મેઈલ પત્રથી જે કોલેજો/સંસ્થામાં આચાર્યની જગ્યા ખાલી પડેલ હોય તે જગ્યા પર શ્રેયાન(સીનીયર) અધ્યાપકને જ ચાર્જ સોપવા અને તેવા ચાર્જ સોપાયેલ ઇન્ચાર્જ આચાર્યની અત્રેની કવટ શાખાને જાણ કરવા તથા COGENT માં તે અંગેનો ડેટા અપડેટ કરવા તથા આ કચેરીની કવટ શાખાની ઓનલાઇન એપ્રુવલ મેળવી લેવાની સૂચના અત્રેની કવટ શાખા દ્વારા આપવામાં આવેલ છે.સંદર્ભ પત્રથી મળેલ સૂચના મુજબ દરેક કોલેજો દ્વારા કાર્યવાહી પૂર્ણ કરી દેવામાં આવી હશે.

ઉક્ત ફકરા-૧ મુજબ તા.૧૬-૦૨-૨૦૨૪નાં પત્રથી આપેલ સ્થાયી સૂચનાનું અનુપાલન અમુક કોલેજો/સંસ્થાઓના વડા તરફથી કરવામાં આવતું ન હોવાનું અત્રેની કચેરીને દર માસે મળતા પગાર બીલની મળતી માહિતીમાં ધ્યાને આવેલ છે.મળેલ માહિતીવાળા પગારબિલમાં ઇન્ચાર્જ આચાર્ય તરીકે નામ અને હોદ્દો દર્શાવવામાં આવે છે અને બિલ કોડ A-001ની કોજેન્ટ પે શીટમાં ઇન્ચાર્જ આચાર્યનો હોદ્દો દર્શાવવાના બદલે આસિસ્ટન્ટ/એસોસિયેટ પ્રોફેસર તરીકે નામ દર્શાવી બિલ રજુ કરવામાં આવે છે તે પ્રકારે રજુ કરાતા બિલો યોગ્ય અને નિયમસરના ન હોઈ, માહે જુલાઈ-૨૦૨૪ થી તમામ કોલેજ/સંસ્થાઓએ ઉપરની દર્શાવેલ ક્ષતિ અચૂક સુધારી નિયમસર અને કાયદેસર પ્રકારે જ બિલ રજુ કરવાની કાર્યપધ્ધતિનું ચુસ્ત અનુસરણ કરવા આથી તાકીદ કરવામાં આવે છે.

ઉક્ત આપેલ સુચનાઓ હવેથી અવગણી જે કોલેજ/સંસ્થાનાં વડા દ્વારા નિયમિત/કાર્યકારી આચાર્ય/નિયામકનો હોદ્દો કોજન્ટ પે શીટમાં ન દર્શાવી પગારબીલ રજુ કરાશે તો અત્રેની કચેરી તરફથી નાછૂટકે પગારબીલ નામંજૂર કરવામાં આવશે અને તે બાબતે ઉભા થતા વહીવટી કે ભવિષ્યના કાયદાકીય પ્રશ્નોની સમગ્રતયા જવાબદારી ખોટી વિગતો સાથે બિલ રજુ કરનાર કાર્યકારી આચાર્યશ્રીની રહેશે કારણ કે

—PTO—

પગારબિલ એ હિસાબી/નાણાકીય બાબતોની કામગીરીમાં ખુબ જ મહત્વનો અને બહુ જ અગત્યનો કાયમી દસ્તાવેજ હોઈ આ બાબતની ક્ષતિ ચલાવી શકાય તેમ નથી. વધુમાં નાણાકીય નિયમોની પ્રવર્તમાન જોગવાઈ મુજબ યોગ્ય તેમજ નિયમસરની કાર્યવાહીવાળા માસિક પગારબીલો રજુ થાય તે બાબત ઘણી જ મહત્વની હોઈ પ્રસ્તુત પત્રની સુચનાઓનો ગંભીરતાથી કાળજીપૂર્વક અભ્યાસ/ચકાસણી કરી માહે જુલાઈ-૨૦૨૪ માસના પગારબિલો રજુ કરવા આથી જણાવવામાં આવે છે.

પ્રસ્તુત બાબત ઘણી અગત્યની અને મહત્વની હોઈ આ સુચાનાઓની અમલવારીમાં વધુ ધ્યાન આપવામાં આવે તે જોવા હિસાબી કામગીરીનાં વહીવટી કર્મચારી તેમજ દરેક સંસ્થા/કોલેજના વડાઓને અત્રેથી પુન:જણાવવામાં આવે છે.

બિડાણ:- સંદર્ભદર્શિત પત્રની નકલ

૧૨/૭/૨૦૨૪

નાયબ નિયામક(ડીપી)
ઉચ્ચ શિક્ષણ કમિશ્નરશ્રીની કચેરી,
ગુ.રા,ગાંધીનગર

નકલ સવિનય રવાના

- સંયુક્ત શિક્ષણ નિયામકશ્રી(કોલેજ),કોલેજ વહીવટ શાખા,સદર સંસ્થા

નકલ રવાના

- COGENT OSD,સદર કચેરી.

# ઉચ્ચ શિક્ષણ કમિશનરશ્રીની કચેરી

કોલેજ વહીવટ શાખા, બ્લોક નં. ૧૨, બીજો માળ, ડૉ. જીવરાજ મહેતા ભવન,

ગાંધીનગર, ગુજરાત રાજ્ય.

By- E-Mail.

જા.નં. કવટ/પરચ/૨૦૨૪/ 2969-3293 તા.૧૬-૦૨-૨૦૨૪

પ્રતિ,

પ્રમુખશ્રી/આચાર્યશ્રી,

બિનસરકારી અનુદાનિત કોલેજ, તમામ

વિષય: આચાર્યશ્રીના ચાર્જ તથા COGENT Portal ના અપડેશન બાબત.

સંદર્ભ: તા.૧૫-૦૨-૨૦૨૪ના રોજ યોજાયેલ માન.કમિશનરશ્રીની મીટીંગમાં મળેલ સૂચના મુજબ.

શ્રીમાન,

ઉપરોક્ત વિષય અન્વયે જયભારત સહ જણાવવાનું કે, આપની કોલેજમાં જ્યારે-જ્યારે આચાર્યની જગ્યાનો ચાર્જ આપવામાં આવે ત્યારે સિનિયર અધ્યાપકને જ ચાર્જ સોંપણી કરવાની રહેશે, અને તેની જાણ અત્રેની કચેરીને કરવાની રહેશે તથા COGENT માં તે અંગેનો ડેટા અપડેટ કરવાનો રહેશે. અને કવટ શાખાની ઓનલાઇન એપ્રુવલ કરાવવાની રહેશે.

વધુમાં, ઇનચાર્જ આચાર્ય તરીકે સંબંધિત કોલેજના પગારબિલમાં જે કર્મચારીનું નામ હોય તેને જ હવાલો સોંપવાનો રહેશે, એટલે કે અન્ય કોલેજના આચાર્ય કે કોઇપણ કરાર આધારિત આચાર્ય તેમજ નિવૃત્ત કર્મચારી અને ઉપાડ અને વહેંચણી અધિકારી તરીકે કામ કરી શકશે નહી. તથા COGENT પોર્ટલની સ્ટાફ સહિતની તમામ અદ્યતન વિગતો જે હોય તે અપડેટ કરવાની રહેશે. જેની ખાસ નોંધ લેવી.

ઉપરોક્ત જણાવ્યા મુજબની સૂચનાનું ચુસ્ત પણે પાલન કરવાનું રહેશે. અન્યથા પે-બિલ કે અન્ય કોઇ બાબતે કોઇ પ્રશ્ન ઉપસ્થિત થશે તો તેની સઘળી જવાબદારી જે-તે સંસ્થાની રહેશે. જેની ખાસ નોંધ લેવા જણાવવામાં આવે છે.

સંયુક્ત શિક્ષણ નિયામક(કોલેજ)<br>ઉચ્ચ શિક્ષણ કમિશનરની કચેરી,<br>ગુ.રા.ગાંધીનગર

**નકલ રવાના:**

- નાયબ નિયામકશ્રી, ડી.પી. શાખા-સદર કચેરી.
- COGENT OSD ( સૂચના મુજબ COGENT મેનુમાં કવટ શાખાનું એપ્રુવલ મેનુ બનાવવા સારૂ)